નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્ય સરકાર તરફથી સીધા ધિરાણ હેઠળ ગુજરાત અલ્પસંખ્યક નાણા વિકાસ નિગમને ફાળવેલ રૂ.૧૭૦૦ લાખના ૪૦% ફંડ શૈક્ષણિક ધિરાણમાં વાપરવા બાબત.

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**ઠરાવ ક્રમાંક: લઘસ/૧૦૨૦૧૭/૭૯૦/અ.૧,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૨૩/03/૨૦૨૧**

<u>વંચાણમાં લીધા:</u>

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમનો તા.૦૨/૦૯/૨૦૨૦ ના પત્ર ક્રમાંકઃ ગુઅસનાવિનિલિ/૨૦૨૦-૨૧/૪૩૩૭

<u>આ મુ ખ :</u>

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ધંધા, રોજગાર, પરિવહન માટે લોન, દેશમાં અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન આપી લઘુમતી જાતિના વ્યક્તિઓને આર્થિક અને શૈક્ષણિક રીતે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ નિગમ રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી તરીકે કામગીરી કરતું હોવાથી રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમની ધિરાણ નીતિ મુજબ ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમને રાષ્ટ્રીય નિગમ દ્વારા મળવામાં આવતી રકમના ફકત ૨૦% રકમ જ શૈક્ષણિક ધિરાણ માટે વાપરવાની જોગવાઇ છે. આ જોગવાઇ મુજબ રાષ્ટ્રીય નિગમ તરફથી મળેલ કુલ ફંડના ૨૦% નાણાં જ શૈક્ષણિક યોજના માટે ખર્ચ કરી શકાય તેમ હોવાથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં શૈક્ષણિક ધિરાણ માટેની અરજી કરેલ તમામ વિદ્યાર્થીઓને નિગમ દ્વારા સમયમર્યાદામાં ધિરાણ થઇ શકે તેમ ન હોઇ વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના નિગમના તા.૦૨/૦૯/૨૦૨૦ ના પત્રથી રાજય સરકાર તરફથી ફાળવવામાં આવતા સીધા ધિરાણ યોજનાના ફંડ પૈકી ૪૦% ફંડ શૈક્ષણિક ધિરાણ પાછળ વાપરવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હી તરફથી મળતું ફંડ રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ, નવી દિલ્હીની જોગવાઇ અનુસાર જ વાપરવાની શરતે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને ફક્ત રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ફંડ રૂ.૧૭૦૦.૦૦ લાખ પૈકી ૪૦% ફંડ શૈક્ષણિક લોન માટે વાપરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. ઉક્ત હુકમ સમાન ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૩/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ.કે.પાઠક)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

➤માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

➤માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

➤એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

➤પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

➤સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.

➤નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

➤નાણા સલાહકારશ્રી(સા.ન્યા./વન અને પર્યાવરણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

➤મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

➤સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

➤સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

➤સિલેકટ ફાઇલ